Registration No.: REFER-T-LC/53/2023
Filing No. : REFER-T-LC/53/2023
Filed On : 17/07/2023
Registered On : 17/07/2023
Decided on : 28/11/2024
Duration : dd-11/mm-04/yy-01

**IN THE LABOUR COURT AT ANAND**

**Reference T NO. 53 OF 2023.**

**REFER-T-LC/53/2023** **Exh.22**

**Second Party :**

1. **SATISHBHAI KANUBHAI HARIJAN**
   **At.DAHEMI, Ta.BORSAD, Di.ANAND**

**VERSUS**

**First Party :**

1. **SECRETARY SHRI, DAHEMI DOODH UTPADAK SAHAKARI MANDLI LTD.**
   **At.Po.DAHEMI, Ta.BORSAD, Di.ANAND**

**Appearance:**
**U.T.MISHRA Ld. Advocate For the Second Party**
**A.K.MALEK Ld. Advocate For the First Party**

---

**વિષયઃ ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ–૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય લેવા બાબત.**

**–: એ વો ર્ડ :–**

(૧) બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઔધોગિક તકરાર ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન નિષ્ફળ જતાં મદદનીશ શ્રમ આયુકત, આણંદનાએ તેઓના હુકમ ક્રમાંક : કે.એચ.આર /૨૦૦૧/આઈ.ડી.આર/૧૦(૧)/૨૯/૨૦૨૩ તા. ૧૬/૦૬/૨૦૨૩માં જણાવ્યા મુજબની અનુસુચિ પ્રમાણે ઔધોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ–૧૦(૧)(સી) મુજબ અત્રેની અદાલતને રેફરન્સ કરેલ છે.

**અનુસુચિઃ– શ્રી સતીષભાઈ કનુભાઈ હરિજનને પડેલા દિવસોના પગાર તથા અન્ય આનુસંગિક લાભો સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?**

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

(૨) બીજા પક્ષકાર તરફે આંક : ૬થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાને મજુર કાયદાની તમામ જોગવાઈઓ લાગુ પડે છે અને તેનો અમલ કરવા પ્રથમ પક્ષકાર બંધાયેલા છે. વધુમાં, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૭/૨૦૦૪થી દુધ ભરનારના હોદ્ધા ઉપર કાયમી પ્રકારની ફરજમાં હાજર થયા હતા અને હાજર થયા ત્યારથી પ્રથમ પક્ષકાર સંસ્થાને આગળ લાવવાની ભાવનાથી ખંત અને ઈમાનદારીપૂર્વક માસિક રૂા. ૮૦૦૦/-ના પગારથી ફરજો બજાવતા હતા. બીજા પક્ષકાર સંસ્થામાં ફરજમાં હાજર થયા ત્યારથી બીજા પક્ષકાર પાસે સવારે ૬-૦૦ થી ૧૧-૦૦ અને સાંજના ૫-૦૦ થી ૯-૦૦ સુધીની કામગીરી લેતા હતા. બીજા પક્ષકારની નોકરી દરમ્યાન પ્રથમ પક્ષકારના જે તે સમયના ચેરમેન અને સભાસદો દ્બારા તેમના કોઈ અંગત વ્યક્તિને દુધ ભરનાર તરીકે બીજા પક્ષકારની જગ્યાએ કામ ઉપર લેવા માટે તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજ બીજા પક્ષકારને ફરજ ઉપર હાજર થવા દીધેલ નહીં અને મૌખિક હુકમથી કોઈપણ જાતનું વળતર ચુકવ્યા સિવાય તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં નોકરીમાં દાખલ તારીખથી ગેરકાયદેસર છુટા કર્યા ત્યાં સુધી અતૂટ અને બ્રેક સિવાય ૨૪૦ દિવસ કરતાં વધુ દિવસની કામગીરી કરી આઈ.ડી.એક્ટની કલમ-૨૫(બી) મુજબ નોકરીની સળંગતા જાળવી રાખી કાયમી કામદાર તરીકેના હક્કો પ્રસ્થાપિત કરેલ છે. વધુમાં, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા પહેલાં કોઈ નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર, બચાવની કોઈ તક કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક હિસ્સાઓના નાણાં ચુકવ્યા સિવાય તેમજ કામદારોની સીનીયોરીટીનું ધ્યાન દોર્યા સિવાય છુટા કરી આઈ.ડી.એક્ટની કલમ-૨૫(એચ) અને ૨૫(એફ) તથા ગુજરાત નયમો ૧૯૬૬ હેઠળ રૂલ્સ-૮૧નો ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કામગીરી બાબતે કે અન્ય કોઈ ગેરવર્તણુંક બાબતે કોઈપણ

જાતની ચાર્જશીટ, નોટીસ, મેમો કે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી. આમ, બીજા પક્ષકારની કામગીરીથી પ્રથમ પક્ષકારને સંપૂર્ણ સંતોષ હોવાનું પુરવાર થાય છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં જે કામગીરી કરતા હતા તે કામગીરી બીજા વ્યક્તિ પાસે કરાવે છે અને સંસ્થા ચલાવી સારો એવો નફો કરે છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજી ઘણી જગ્યાએ નોકરી મેળવવાનો પ્રયાસ કરવા છતાં આજે પણ નોકરી મળતી નથી જેથી હાલ બેરોજગાર છે. પ્રથમ પક્ષકાર સંસ્થા આજે પણ બીજા પક્ષકારને નોકરીમાં રાખે તો પડેલા દિવસોના પુરા પગાર સહિત મૂળ જગ્યાએ સળંગ લાભોથી પુનઃસ્થાપિત કરે તો નોકરીમાં જવા માટે સહમત છે પરંતુ પ્રથમ પક્ષકાર આજે પણ નોકરીમાં રાખવાનો ઈન્કાર કરતા હોઈ પેરા–૧૧માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) પ્રથમ પક્ષકારને નોટીસ ઈસ્યુ કરતાં તેની બજવણી થતાં પ્રથમ પક્ષકાર દ્વારા આંક : ૧૦થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર એ એક સહકારી મંડળી છે અને તે ખેડા જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી.ના તાબા હેઠળ વહીવટ કરે છે જે અમુલ સંચાલિત છે. વધુમાં, પ્રથમ પક્ષકાર દુધ મંડળી દ્વારા ગામમાં જુદા–જુદા પશુઓને પાળનારા અને તેનું દુધ પ્રથમ પક્ષકાર મંડળીમાં ભરે છે પરંતુ કેટલીક મંડળીમાં નાણાંકીય ગેરરીતી તેમજ દુધ વેચવાનું કૌભાંડ થતું હોય દહેમી ગામની દુધ મંડળીના કર્મચારીઓ પૈકી (૧) પ્રફુલકુમાર લક્ષ્મણસિંહ રાઠોડ (સેક્રેટરી), (૨) ગોવિંદભાઈ જીવાભાઈ ભોઈ (ટેસ્ટર), (૩) મહેન્દ્રભાઈ ભગવાનભાઈ પરમાર (કોમ્પ્યુટર કલાર્ક) તેમજ (૪) સતિષભાઈ કનુભાઈ હરીજન (દુધ ભરનાર)નાઓ દુધ કૌભાંડમાં અમુલ ડેરીની ટીમના હાથે ઝડપાઈ ગયેલા તેમજ નામણના કર્મચારી જગદીશભાઈ પટેલ(સેક્રેટરી) તથા બીજા બે હંગામી કર્મચારીઓ એમ કુલ સાત ઈસમો સામે કાર્યવાહી થયેલી. આમ, કાર્યવાહી થતાં તેમજ દુધ મંડળીમાં ઉપરોક્ત ઈસમોએ દુધ બાબતોમાં નાણાંકીય

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

કૌભાંડ કરેલ હોય તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ કોમ્પ્યુટર કલાર્ક શ્રી મહેન્દ્રભાઈ ભગવાનભાઈ પરમાર તથા સતિષભાઈ કનુભાઈ હરીજન (દુધ ભરનાર)નાઓએ લેખિતમાં જણાવેલ કે, ઉપરોક્ત ઈસમો ૧૨૦ લીટર દુધના કુલ ત્રણ કેન જી.જી.૨૩-ડબલ્યુ.૩૭૨૭ નંબરની રીક્ષામાં રીક્ષા ડ્રાઈવર રાજુભાઈ વિનુભાઈ રાઠોડ સાથે મળી નામણ દુધ ડેરીમાંથી લાવતા હતા અને અગાઉ પણ લાવેલા હતા જે ખાતા નં. ૧૦૨૧, ૧૧૧૫, ૧૧૦૭, ૧૦૦૫ નંબરમાં ભરતા હતા અને આવું કૃત્ય દરરોજ કરતા હતા અને આવી રીતે દુધની ગેરરીતી કરતા હતા અને કોમ્પ્યુટરમાં પણ તે રીતે છેડછાડ કરતા હતા. ઉપરોક્ત કબુલાતના આધારે ચારેય ઈસમોએ નાણાંની ભરપાઈ દહેમી દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં કરેલ છે અને આ ગેરકાયદેસર કૃત્યના કારણે ખેડા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.નાઓએ લેખિત પત્ર નં. ૬૨૪૮ દ્વારા પ્રથમ પક્ષકારને જાણે કરેલ કે, ઉપરોક્ત ગેરરીતી બાબતે તાત્કાલિક વાસ્તવિક ખુલાસો કરવા અને જો યોગ્ય અને વાસ્તવિક ખુલાસો કરવામાં નહીં આવે તો તા. ૧૮/૦૧/૨૦૨૩થી દુધ લેવા આવતું સંઘનું વાહન નહીં મોકલવાની ફરજ પડશે તેની ગંભીર નોંધ લેવી. ઉપરોક્ત મુજબની ગેરરીતી આચરનારાઓને તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ અમુલના કર્મચારીઓએ પકડેલ અને કાર્યવાહી થયેલ તે દિવસે તેઓએ સ્વૈચ્છીક રાજીનામુ પ્રથમ પક્ષકાર મંડળીને સુપ્રત કરેલ અને તમામના રાજીનામામાં સ્પષ્ટપણે તેમના હસ્તાક્ષરમાં લેખિતમાં જણાવેલ કે, ધાકધમકી સિવાય કે દબાણ સિવાય સ્વેચ્છાએ રાજીનામુ આપેલ છે. ત્યારબાદ બીજા પક્ષકારને તા. ૨૦/૦૫/૨૦૨૩ના રોજ સ્ટા. પ્રો.ફંડ તથા જી.એફ.ના અનુસંધાને હિસાબ પૂર્ણ કરી અને તેઓની કુલ નીકળતી રકમ રૂા. ૩૮,૩૭૪/-, ચેક નં.૦૦૦૨૨૪નો આપેલ છે અને બીજા પક્ષકારે નીકળતી રકમ મળી ગયેલાની સહી કરી પાવતી પણ આપેલ છે. ઉપરોક્ત કર્મચારીઓના સ્વૈચ્છીક રાજીનામા બાદ તા. ૨૨/૦૧/૨૦૨૩ના પત્ર દ્વારા મંડળીમાં થયેલ ઠરાવ અનુસંધાન

સંઘ દ્વારા દુધ મંડળીમાં (૧) રાઠોડ સીતાબેન સંજયસિંહ (સેક્રેટરી), (૨) પટેલ રોમાસીબેન સુનિલકુમાર (કોમ્પ્યુટર ક્લાર્ક), (૩) રાઠોડ દિવ્યાબેન રાહુલકુમાર (ટેસ્ટર) અને (૪) રેખાબેન પ્રદિપભાઈ તળપદા (દુધ ભરનાર) એમ ચાર પદ પર ઉમેદવારની પસંદગી અમુલ દુધ સંચાલિત ખેડા જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. દ્વારા કરવામાં આવેલ જેની જાણ મેનેજરશ્રીને કરવામાં આવેલ. બીજા પક્ષકારે તેમની ફરીયાદમાં કોલમ નં. ૧૮માં જે હકીકત દર્શાવેલ છે તે સત્યથી ઘણી દુર છે, વાસ્તવમાં તેઓએ તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ રાજીનામુ આપ્યા બાદ દુધ મંડળીમાં ઠરાવ કરી તમામ પદોની ભરતી થયેલ છે પરંતુ અત્રેની અદાલતમાંથી ખોટો હુકમ લેવા સારૂ હાલની તદ્દન ખોટી ફરીયાદ કરેલ છે. તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર દુધ મંડળીને સ્વૈચ્છીક રાજીનામુ આપેલ જે રાજીનામા પર ઠરાવબુકમાં ચેરમેનશ્રી તથા કમિટી સભ્યો દ્વારા સર્વાનુમતે ઠરાવ કરીને રાજીનામા મંજુર કરેલ છે. આમ, ઉપરોક્ત હકીકત ધ્યાને લઈ બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે હાલના રેફરન્સની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો** :- આંક : ૧૩થી બીજા પક્ષકાર સતિષભાઈ કનુભાઈ હરિજનની જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે ઉલટ તપાસના સ્ટેજે હાજર ન રહેતાં બીજા પક્ષકાર તરફે આંક : ૧૬થી પ્રથમ પક્ષકારનો બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવા અરજ ગુજારતાં તા. ૨૭/૦૬/૨૦૨૪ના રોજ આંક : ૧૬ લગત હુકમ કરી પ્રથમ પક્ષકારનો બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરેલ છે.

**દસ્તાવેજી પુરાવો** :-

(૧) નિ. ૧૨/૧થી પ્રથમ પક્ષકાર સંસ્થાના સભાસદોએ તા. ૨૦/૧૧/૨૦૨૨ના

રોજ ચેરમેનશ્રીને ઉદ્દેશીને લખેલ પત્રની નકલ.

(૨) નિ. ૧૨/૨થી પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજ પસાર કરેલ ઠરાવની નકલ.

(૫) પ્રથમ પક્ષકાર તરફે તેમના બચાવમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>** :- રજુ કરેલ નથી.

**<u>દસ્તાવેજી પુરાવો</u>** :-

(૧) નિ. ૧૧/૧થી ખેડા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.નાઓનો નં. એમપી /વહીવટ/૬૨૪૮ તા. ૧૦/૦૧/૨૦૨૩ના પત્રની નકલ.

(૨) નિ. ૧૧/૨થી ખેડા જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.નાઓનો નં. એમપી /વહીવટ/૩૨૮ તા. ૨૮/૦૧/૨૦૨૩ના પત્રની નકલ.

(૩) નિ. ૧૧/૩થી સ્વૈચ્છીક રાજીનામુ આપેલાની નકલ તા. ૧૪/૧૧/૨૦૨૨.

(૪) નિ. ૧૧/૪થી સ્વૈચ્છીક રાજીનામુ આપેલાની નકલ તા. ૧૪/૧૧/૨૦૨૨.

(૫) નિ. ૧૧/૫થી સ્વૈચ્છીક રાજીનામુ આપેલાની નકલ તા. ૧૪/૧૧/૨૦૨૨.

(૬) નિ. ૧૧/૬થી સ્વૈચ્છીક રાજીનામુ આપેલાની નકલ તા. ૧૪/૧૧/૨૦૨૨.

(૭) નિ. ૧૧/૭થી ચારેય વ્યક્તિઓએ ગુનો કબુલ કરેલ તે લેખિત પત્રની નકલ તા. ૧૪/૧૧/૨૦૨૨.

(૮) નિ. ૧૧/૮થી દહેમી દુધ મંડળીના કૌભાંડ અંગેના પેપર કટીંગની નકલ.

(૯) નિ. ૧૧/૯થી દહેમી દુધ મંડળીના કૌભાંડ અંગેના ફોટોગ્રાફની ઝેરોક્ષ નકલ.

(૧૦) નિ. ૧૧/૧૦થી ખોટા સભાસદ ખાતામાં દુધ ભરપાઈના સ્ટેટમેન્ટની નકલ.

(૧૧) નિ. ૧૧/૧૧થી દહેમી દુધ મંડળીમાં નવી ભરતીની નિમણુંક અંગેના ઠરાવની નકલ.

(૧૨) નિ. ૧૧/૧૨થી દહેમી દુધ મંડળીના ઠરાવબુકની નકલો.

(૧૩) નિ. ૧૧/૧૩થી દહેમી દુધ ઉત્પાતક સહકારી મંડળીના જુના કર્મચારીના હિસાબ–કિતાબ અંગેના લેવડ–દેવડની ઝેરોક્ષ નકલ.

ઉપરોક્ત પુરાવાઓ સિવાય પક્ષકારો તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી. બીજા પક્ષકાર તરફે આંક : ૧૭થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે હાજર ન હોય બીજા પક્ષકાર તરફે આંક : ૧૮થી પ્રથમ પક્ષકારનો સાક્ષી પુરાવાનો હક્ક બંધ કરવા અરજ ગુજારતાં તા. ૦૫/૦૯/૨૦૨૪ના રોજ આંક : ૧૮ લગત હુકમ કરી પ્રથમ પક્ષકારનો પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરેલ છે.

(૬) બન્ને પક્ષકારો પૈકી બીજા પક્ષકારના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે દલીલના સ્ટેજે હાજર ન હોય, બીજા પક્ષકાર તરફે આંક : ૧૯થી પ્રથમ પક્ષકારની દલીલનો હક્ક બંધ કરવા અરજ ગુજારતાં તા. ૨૬/૦૯/૨૦૨૪ના રોજ આંક : ૧૯ લગત હુકમ કરી પ્રથમ પક્ષકારનો દલીલનો હક્ક બંધ કરવાનો હુકમ કરેલ છે. બીજા પક્ષકાર તરફે તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(1) LPA No. 2290 of 2010, (Gujarat High Court), Bhavnagar Municipal Corporation Vs. Dharmendra B. Vegad.

(2) 2010 (0) AIJEL-SC 47996, (Supreme Court of India), Harjinder Singh Vs. Punjab State Warehousing Corporation.

(3) LPA No. 793 of 2021, (Gujarat High Court), Ahmedabad Municipal Corporation & Anr. Vs. Rajendra N. Soni.

(4) 2015 (0) AIJEL-SC 56437, (Supreme Court of India), Gauri Shankar Vs. State of Rajasthan.

(૭) રેકર્ડ ઉપરની હકીકતો, રજુ પુરાવાઓ તથા બીજા પક્ષકાર તરફેની દલીલો ધ્યાને લેતાં હાલના રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું આ કામના બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારનાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

(૨) શું આ કામના બીજા પક્ષકાર તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત, સળંગ નોકરી સહિત પુનઃસ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશતઃહકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**-: <u>કા ર ણો</u> :-**

(૯) **<u>મુદ્દા નં. ૧ અને ૨</u>** :- આ કામે મુદ્દા નં. ૧ અને ૨ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલ હોઈ, બિનજરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બન્ને મુદ્દાઓની ચર્ચા સંયુક્ત રીતે કરવામાં આવે છે.

આ કામે બીજા પક્ષકાર કોઈપણ દાદ મેળવવા હક્કદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

બીજા પક્ષકારના કથન મુજબ બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૧/૦૭/૨૦૦૪થી દુધ ભરનાર તરીકેના હોદ્દાની કાયમી પ્રકારની ફરજમાં હાજર થયા હતા. બીજા પક્ષકારને છેલ્લે માસિક રૂા. ૮૦૦૦/- મુજબનો પગાર

ચુકવવામાં આવતો હતો. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારના જે તે સમયના ચેરમેન અને સભાસદો દ્વારા તેમના અંગત વ્યક્તિને દુધ ભરનાર તરીકે બીજા પક્ષકારની જગ્યાએ કામ ઉપર લેવા માટે તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજ મૌખિક હુકમથી કોઈપણ જાતનું વળતર ચુકવ્યા સિવાય નોકરીમાંથી છુટા કરી દીધેલ. બીજા પક્ષકારે દર વર્ષે ૨૪૦ દિવસ કરતા વધુ નોકરી કરેલ હોવાનું કથન કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓના કથન મુજબ તેઓની દુધ મંડળી દ્વારા ગામમાં જુદા-જુદા પશુઓને પાળનારા અને તેનું દુધ પશુ પાળનારાઓ મંડળીમાં ભરે છે અને બીજા પક્ષકાર મંડળીમાં નાણાંકીય ગેરરીતી તેમજ દુધ વેચવાનું કૌભાંડમાં અમુલ ડેરીના ટીમના હાથે ઝડપાઈ ગયેલા અને કુલ સાત ઈસમો સામે કાર્યવાહી થયેલી. ઉપરોક્ત મુજબની ગેરરીતી આચરનારાઓએ તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ એટલે કે તે દિવસે અમુલના કર્મચારીઓએ પકડેલ અને કાર્યવાહી થયેલ તે દિવસે તેઓએ સ્વૈચ્છીક રાજીનામુ પ્રથમ પક્ષકાર મંડળીને સુપ્રત કરેલ અને તમામ રાજીનામામાં સ્પષ્ટપણે તેમના હસ્તાક્ષરમાં લેખિતમાં જણાવેલ છે કે, ધાકધમકી સિવાય કે દબાણ સિવાય સ્વેચ્છાએ રાજીનામુ આપેલ છે અને ત્યારબાદ તા. ૨૨/૦૧/૨૦૨૩ના પત્ર દ્વારા મંડળીમાં થયેલ ઠરાવ અનુસંધાને સંઘ દ્વારા ચાર પદ ઉપર રાઠોડ સીતાબેન સંજયસિંહ (સેક્રેટરી), પટેલ રોમાસીબેન સુનિલકુમાર (કોમ્પ્યુટર ક્લાર્ક), રાઠોડ દિવ્યાબેન રાહુલકુમાર (ટિસ્ટર) અને રેખાબેન પ્રદિપભાઈ તળપદા (દુધ ભરનાર) ઉપરોક્ત ઉમેદવારની ભરતી અમુલ દુધ સંચાલિત ખેડા જીલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. દ્વારા કરવામાં આવેલ અને તેની જાણ મેનેજરશ્રીને કરવામાં આવેલ. વાસ્તવમાં તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ ચાર ઈસમો ગુનાહિત કૃત્યમાં રંગેહાથ પકડાઈ ગયેલા તેમજ ગેરકાયદેસર કૃત્ય કરી સામાવાળાની દુધ મંડળીને આર્થિક નુકશાન પહોંચાડીને નાણાંકીય કૌભાંડ આચરતા હોય અને અમુલના અધિકારીઓ દ્વારા પકડાઈ ગયેલ હોઈ

ફોજદારી ગુનામાંથી બચવા સારૂ તેઓએ સ્વેચ્છાએ રાજીનામુ આપી છુટા થયેલા તે હકીકત રજુ કરેલ ફરીયાદમાં છુપાવેલ હોવાનું કથન કરેલ છે. આમ, જવાબની હકીકત જોતાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હોવાનું જણાઈ આવે છે તેવા સંજોગોમાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે.

(૧૦) ત્યારબાદ બીજા પક્ષકારે આઈ.ડી.એક્ટની કલમ-૨૫(બી)(૧) મુજબ અતૂટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ? અથવા તો કલમ-૨૫(બી)(૨)ની જોગવાઈ મુજબ તેઓને છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની નોકરી કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે.

આ કામમાં બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં તા. ૦૧/૦૭/૨૦૦૪થી દુધ ભરનાર તરીકેના હોદ્દા ઉપર કાયમી પ્રકારની ફરજમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયેલ હોવાની હકીકત જણાવે છે. જ્યારે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે રજુ જવાબ જોતાં તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ બીજા પક્ષકારે સ્વેચ્છાએ રાજીનામુ આપેલ હોવાનું કથન કરેલ છે. આમ, ઉપરોક્ત હકીકત જોતાં બીજા પક્ષકારે તા. ૦૧/૦૭/૨૦૦૪ થી તા. ૧૪/૧૧/૨૦૨૨ સુધી સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે અને તે મુજબ કલમ-૨૫(બી)(૧)ની જોગવાઈ મુજબ બીજા પક્ષકારે સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

(૧૧) હવે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ? તે હકીકત જોવાની રહે છે તે માટે આઈ.ડી.એક્ટની કલમ-૨૫(એફ)ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

**<u>૨૫(એફ) : - કામદારોની છટણીની પૂર્વ શરતો</u>,**

**કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી.**

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

(ક) તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસના બદલે નોટીસની મુદત સુધીનુ વેતન આપવામાં ન આવે ત્યાં સુધી:

પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ ન હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી,

**કરી શકશે નહીં"**

ઉપરોક્ત જોગવાઈ મુજબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છટણી કરેલ છે કેમ? તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ-૨(ઓઓ) માં કરેલ છે તે નોંધવી જરૂરી બને છે.

**કલમ-૨(OO) "છટણી"**

છટણી એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપૂર્વકની નિવૃત્તિ અથવા

(બી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તિ વયે પહોંચતાં કામદારની નિવૃત્તિ અથવા

(બીબી) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પૂરો થયે તાજો ન

કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ

આ કામમાં બીજા પક્ષકારના કથન મુજબ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ પ્રથમ પક્ષકારના જે તે સમયના ચેરમેન અને સભાસદો દ્ધારા તેમના કોઈ અંગત વ્યક્તિને દુધ ભરનાર તરીકે તેમની જગ્યાએ કામ ઉપર લેવા માટે તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજ નોકરીમાંથી છુટા કરેલ હોવાનું કથન કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે તેમના જવાબમાં કથન કરેલ છે કે, બીજા પક્ષકાર મંડળીમાં નાણાંકીય ગેરરીતી તેમજ દુધ વેચવાનું કૌભાંડમાં અમુલ ડેરીના ટીમના હાથે ઝડપાઈ ગયેલ અને કુલ સાત ઈસમો સામે કાર્યવાહી થયેલી. ઉપરોક્ત ગેરરીતી આચરનારાઓએ તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ એટલે કે તે દિવસે અમુલના કર્મચારીઓએ પકડેલ અને કાર્યવાહી થયેલ તે દિવસે તેઓએ સ્વૈચ્છીક રાજીનામુ સ્પષ્ટપણે તેમના હસ્તાક્ષરમાં આપેલ અને ત્યારબાદ ઠરાવ કરીને તેમની જગ્યાએ અન્ય કર્મચારીઓને રાખવામાં આવેલ હોવાનું કથન કરેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક : ૧૧થી નિ. ૧૧/૧ થી નિ. ૧૧/૧૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે, જેમાં નિ. ૧૧/૩ થી ૧૧/૬ સ્વૈચ્છીક રાજીનામુ આપેલાની નકલ રજુ કરેલ છે અને નિ. ૧૧/૭ ચારેય વ્યક્તિઓએ ગુનો કબુલ કરેલ અંગેના લેખિત પત્રની નકલ રજુ કરેલ છે. નિ. ૧૧/૮ દહેમી દુધ મંડળીના કૌભાંડ અંગેનું પેપર કટીંગની નકલ, નિ. ૧૧/૯ દહેમી દુધ મંડળીના કૌભાંડ અંગેના ફોટોગ્રાફની ઝેરોક્ષ નકલ, નિ. ૧૧/૧૦ ખોટા સભાસદ ખાતામાં દુધ ભરપાઈ અંગેના સ્ટેટમેન્ટની નકલ, નિ. ૧૧/૧૧ દહેમી દુધ મંડળીમાં નવી ભરતીની નિમણુંક અંગેના ઠરાવની નકલ, નિ. ૧૧/૧૨ દહેમી દુધ મંડળીના ઠરાવબુકની નકલ, નિ. ૧૧/૧૩ મંડળીના જુના કર્મચારીઓના હિસાબ કિતાબ અંગેના લેવડ-દેવડ અંગેની ઝેરોક્ષ

નકલ રજુ કરેલ છે. બીજા પક્ષકાર તરફે આંક : ૧૩થી જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં તેઓએ કથન કરેલ છે કે, બીજા પક્ષકાર પાસેથી ધાકધમકીથી બળજબરીપૂર્વક તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ રાજીનામુ લખાવી લીધેલ. બીજા પક્ષકાર કામદારે તે અંગેનો વિરોધ દર્શાવતા અને ગામના સભ્યો તેમજ મંડળીના બીજા સભ્યોને આ અંગેની જાણ કરતાં દહેમી દુધ ઉત્પાદક મંડળીના આશરે ૩૦૦ જેટલા સભ્યોએ તેમની સહીથી ચેરમેનશ્રી પ્રથમ પક્ષકારને તા. ૨૦/૧૧/૨૦૨૨ના રોજ પત્ર લખેલ અને આ કામની પ્રથમ પક્ષકાર સંસથાના સંચાલકોએ તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજ ઠરાવ પસાર કરી તેમનું રાજીનામુ રદબાતલ ગણી બીજા પક્ષકાર કામદારને નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ  અને ત્યારબાદ બીજા પક્ષકારે સતત, એકધારી નોકરીની ફરજો બજાવેલ છે. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારે કરેલા કામોનું નવેમ્બર અને ડિસેમ્બર-૨૦૨૨ના માસનો પગાર પણ ચુકવી આપવામાં આવેલ છે અને ત્યારબાદ કોઈપણ જાતના ન્યાયી અને વ્યાજબી કારણ વગર તેઓએ બીજા પક્ષકારને તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. બીજા પક્ષકારે તેમની જુબાનીને સમર્થન આપવા માટે આંક : ૧૨ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ. ૧૨/૧ પ્રથમ પક્ષકાર સંસ્થાના સભાસદોએ તા. ૨૦/૧૧/૨૦૨૨ના રોજ ચેરમેનશ્રીને ઉદ્દેશીને લખેલ પત્રની નકલ, નિ. ૧૨/૨થી પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજ પસાર કરેલ ઠરાવની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આમ, તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજનો ઠરાવ જોતાં તમામ કર્મચારીઓને નોકરી ઉપર ચાલુ રાખવા નક્કી કરવામાં આવેલ હોવાનો ઠરાવ કરવામાં આવેલ છે. વધુમાં આંક : ૧૪થી પ્રથમ પક્ષકાર તરફે અરજદારની ઉલટ તપાસ તરફે કોઈ હાજર રહેતા ન હોઈ તા. ૧૪/૦૬/૨૦૨૪ના રોજ પ્રથમ પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ આંક : ૧૫થી પ્રથમ પક્ષકાર તરફે બીજા

પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક ઓપન કરવામાં આવેલ. ત્યારબાદ પણ પ્રથમ પક્ષકાર તરફે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવામાં ન આવતાં આંક : ૧૬થી બીજા પક્ષકાર તરફે અરજી આપતાં પ્રથમ પક્ષકારનાઓનો બીજા પક્ષકારની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ. આમ, બીજા પક્ષકારનું સોગંદનામાને ખંડન કરવા માટે પ્રથમ પક્ષકાર તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકાર તરફે પુરાવો રજુ ન કરતાં આંક : ૧૮ની બીજા પક્ષકારની અરજી પર પ્રથમ પક્ષકારનાઓનો પુરાવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ અને આંક : ૧૯ની બીજા પક્ષકારની અરજી પર પ્રથમ પક્ષકારનો દલીલનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

આ કામમાં બીજા પક્ષકારને તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજ મૌખિક હુકમથી પ્રથમ પક્ષકારે કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર છુટા કરેલ હોવાનું બીજા પક્ષકારે કથન કરેલ છે અને બીજા પક્ષકારને છુટા કર્યા બાદ બીજાને નોકરી ઉપર રાખેલ હોવાનું કથન બીજા પક્ષકારે કરેલ છે તેમજ તા. ૨૮/૧૧/૨૦૨૨ના રોજ છુટા કરેલ તમામ કર્મચારીને નોકરી ઉપર ચાલુ રાખવા નક્કી કરતો ઠરાવ બીજા પક્ષકારે રજુ કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે સોગંદ પરની જુબાનીની ઉટ તપાસ કરવામાં આવેલ નથી કે સાક્ષીનો પુરાવો રજુ કરેલ નથી તેવા સંજોગોમાં સોગંદ પરની જુબાનીની હકીકતનું ખંડન થયેલ નથી તેમજ અગાઉ ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના કામદાર હોવાનું અને તેઓએ કલમ–૨૫(બી)(૧)ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોય ત્યારે છટણી કરતી વખતે કલમ–૨૫(એફ)ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કરવું ફરજીયાત છે. આ કામમાં ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની ઉલટ તપાસ કરેલ નથી કે તેમના તરફેથી કોઈ સ્વતંત્ર સાક્ષી પુરાવો રજુ કરેલ નથી, માત્ર આંક : ૧૦થી જવાબ તેમજ આંક : ૧૧થી દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ. ૧૧/૧ થી ૧૧/૧૩ના દસ્તાવેજો રજુ કરેલ છે પરંતુ તે દસ્તાવેજોને સાબિત કરવા

કે પુરવાર કરવા તેમના તરફેથી કોઈ સ્વતંત્રી સાહેદ રજુ કરવામાં આવેલ નથી તે સંજોગોમાં બીજા પક્ષકારને કાયદેસરની કાર્યવાહી કર્યા વગર મૌખિક રીતે તા. ૦૨/૦૨/૨૦૨૩ના રોજ પ્રથમ પક્ષકારે છટણી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. વધુમાં, છટણી કરતી વખતે કલમ-૨૫(એફ)ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કરવામાં આવેલ ન હોઈ તે સંજોગોમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દ્વારા ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે તે સંજોગોમાં મુદ્દા નં. ૧નો જવાબ 'હકારમાં' આપવામાં આવે છે.

(૧૨) હવે બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત થવાની અથવા અન્ય દાદ મળવાપાત્ર છે કે કેમ? તેની ચર્ચા કરવાની રહે છે. આ કામના બીજા પક્ષકારે તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજી ઘણી અન્ય જગ્યાએ નોકરી મેળવવાનો સતત પ્રયાસ કરવા છતાં નોકરી મળેલ ન હોવાનું કથન કરેલ છે પરંતુ બીજા પક્ષકારે કઈ-કઈ જગ્યાએ પ્રયત્નો કરેલા તે દર્શાવતો કોઈ લેખિત આધારભૂત પુરાવો આ કામે રજુ કરેલ નથી, માત્ર મૌખિક કથન કરેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકારે નોકરી માટે પ્રયત્ન કરેલ હોય અને નોકરી મળેલ ન હોય તે હકીકત પુરવાર થતી નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકારને પડેલ દિવસોના પગાર સિવાય સળંગ નોકરી સાથે પુનઃસ્થાપિત થવા હક્કદાર બને છે તેવા સંજોગોમાં મુદ્દા નં. ૨નો જવાબ તે રીતે અંશતઃહકારમાં આપવામાં આવે છે એટલે કે આ કામના પ્રથમ પક્ષકારનાઓએ સળંગ નોકરી સાથે બીજા પક્ષકારને પુનઃસ્થાપિત કરવાના થાય છે અને તે સંજોગોમાં મુદ્દા નં. ૩ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ કેસ નં. ૫૩/૨૦૨૩ અંશતઃમંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકારને પડેલા દિવસોના પગાર સિવાય સળંગ નોકરી ગણી

તેમની મૂળ જગ્યાએ સદર એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦માં પુનઃસ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**Date : 28/11/2024** **Mr. JAVEDAKHTARKHAN BAJITKHAN GHASURA**
**Place : ANAND**

**GJ01028**
**PRESIDING OFFICER**
**(Judge)**
**LABOUR COURT,ANAND.**

K.K.PRANKADA : PA

PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.